આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૩૨ | ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૪, ગુરૂવાર; મહા સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

પતિ-પત્ની એકબીજાને ટીકી ટીકીને જોયા કરે તે પ્રેમ નથી.. પણ બંને સાથે એક જ દિશામાં જુએ, સાથે ચાલે તે પ્રેમ છે
- બકુલ દવે

નવી નિતીની નહી નિયતની જરૂર છે : નરેન્દ્ર મોદી

(તસવીર : દિપક જાની)

ગાંધીનગરમાં પાંચ જગ્યાએ ચાય પે ચર્ચા યોજાઈ : સે. ૨૧માં આનંદીબેન પટેલ અને શંભુજી ઠાકોર ઉપસ્થિત રહ્યા : શિક્ષણ અને બેરોજગારી અંગે સૌથી વધુ સવાલ પુછાયા : સરકારે પોસ્ટમેનની જેમ લોકોને શોધી યોજનાના લાભ પહોંચાડવા જોઈએ : મોદી

ગાંધીનગર, તા. ૧૨

આજે ભારતના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી દ્વારા 'ચાય પે ચર્ચા'ના કાર્યક્રમ થકી સમગ્ર દેશમાં ૩૦૦ શહેરોમાં ૧૦૦૦ જગ્યાએ ચાની ચુસ્કી સાથે દેશવાસીઓ સાથે દેશના પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. ગાંધીનગરમાં પણ પાંચ જગ્યાએ ચાય પે ચર્ચાનું આયોજન કરાયું હતું તેમાં સે. ૨૧ના શાકમાર્કેટમાં મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સે. ૨૧ના શાકમાર્કેટમાં મહાલક્ષ્મી સ્ટોર્સ પાછળ આવેલા કોર્નરની ખુલ્લી જગ્યામાં આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ ગોઠવાયું હતું તેમજ એક ચાની કિટલી ઉભી કરાઈ હતી, જ્યાંથી લોકોને સતત ચા પીરસવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાજ્યના મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલ, ગાંધીનગર દક્ષીણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગુડાના ચેરમેન અશોક ભાવસાર, ગાંધીનગર ભાજપના શહેર મહામંત્રી મહેશસિંહ રાવલ અને વોર્ડ નં. ૪ના ભાજપ પ્રમુખ શિવાભાઈ સહિત ભાજપી અગ્રણીઓ અને કાર્યકરો હાજર રહ્યા હતા. લગભગ ૩ વાગ્યાના સુમારે શરૂ થયેલા આ કાર્યક્રમાં નરેન્દ્ર મોદીએ દેશના વિવિધ શહેરોમાંથી પુછાયેલા પ્રશ્નોનો જવાબ આપ્યો હતો. નરેન્દ્ર મોદીએ ચાની

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાના મનરેગાના લેબર બજેટમાં ૨૮ ટકાની વૃધ્ધિ

પાંચ હજારથી વધુ કામો સૂચવાયા; ૪ લાખ ૭૩ હજાર માનવદિન રોજગારીની તકો પ્રાપ્ત થવાના અંદાજો સેવાયા : જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ૧૯મીએ બજેટ રજુ થશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લાના મનરેગા બજેટમાં બે વર્ષ બાદ ૨૮ ટકાના વધારા સાથે રૂ. ૧૧ કરોડ ૬૦ લાખનું બજેટ ગ્રામ વિકાસ એજન્સી દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.

છેલ્લા બે વર્ષ દરમિયાન જિલ્લાનું બજેટ રૂ. ૯ કરોડ અને રૂ. ૮ કરોડ ૨૬ લાખ જેટલું હતું જયારે આગામી વર્ષનું બજેટ રૂ. ૧૧ કરોડ ૬૦ લાખનું બનાવી જિલ્લામાં વિકાસના કામોને નવો વેગ આપવાનો લક્ષ્યાંક તંત્રએ સેવ્યો છે.

તંત્રના અંદાજે પ્રમાણે આ બજેટ થકી જિલ્લામાં ૪ લાખ ૭૩ હજાર માનવદિન રોજગારી ઉભી કરવાનો લક્ષ્યાંક સેવવામાં આવ્યો છે જે ચાલુ વર્ષ કરતાં ૮૦ હજાર માનવદિન જેટલો વધારો દર્શાવે છે.

આગામી ૧૯મી ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર જિલ્લા પંચાયતની મળનાર સામાન્ય સભામાં મંજૂરી માટે રજુ કરવામાં આવનાર છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ આ બજેટ ગ્રામ્ય સ્તરેથી ગ્રામસભાની મંજૂરી બાદ તાલુકા કક્ષાએથી પણ મંજૂરી મેળવ્યા બાદ જિલ્લા કક્ષાએ સંકલન કરી અને તૈયાર કરવામાં આવ્યું છે. આ સમગ્ર પ્રક્રીયા નવેમ્બર માસથી આરંભવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે.

મનરેગાના આ લેબર બજેટમાં રાજીવ ગાંધી સેવા કેન્દ્રો ૧૫ નવા બનાવવાની જોગવાઈ કરવાની બાબત ઉપરાંત વનીકરણના ૨૩ કામ, જળ સંરક્ષણના ૭ કામ, જમીન વિકાસના ૮૦ કામ, પૂર સંરક્ષણના ૫૦ કામ, ગ્રામ્ય રસ્તાને સાંકળવાના ૧૩૦ જેટલા કામો સૂચવવામાં આવ્યા છે.

આ બજેટમાં કુલ ૫૪૨૦ જેટલા વિવિધ કામોની જોગવાઈઓ કરવામાં આવી છે. કેન્દ્ર પુરસ્કૃત આ યોજના થકી સ્વચ્છતા અભિયાનને વેગ મળે તે માટે પાંચ હજારથી વધુ શૌચાલયોના નિર્માણનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં બે વર્ષ બાદ લેબર બજેટમાં ૨૮ ટકા જેટલો

● અનુસંધાન પાન-૭ પર

NEWS બિટ્સ

● હવે દેશભરમાં ક્યાંય માનવરહિત રેલવે ક્રોસિંગ નથી

લોકસભાની ચૂંટણી પહેલા

વચગાળાનુંરેલવેબજેટ રેલવેપ્રધાન મલ્લિકાર્જુન ખડકેએ રજુ કર્યુંહતું. રેલવેપ્રધાને અન્ય જાહેરાતોની સાથે જણાવ્યું હતું કે ટ્રેનોમાં નવા ૬૪૮૭૫ ડબ્બાઓ જોડવામાં આવશે. આ ઉપરાંત તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે હવે દેશભરમાં ક્યાંય માનવરહિત રેલવે ક્રોસિંગ નથી.

● વડાપ્રધાને વિરોધ પક્ષના નેતાઓને ડિનર પર બોલાવ્યા

લોકસભાની ચૂંટણીઓ

નજીક છે ત્યારે વડાપ્રધાન મનમોહનસિંહે ડિનર ડીપ્લોમસી શરૂ કરી છે. વર્તમાન લોકસભાનું છેલ્લુ સત્ર શાંતિથી પસાર થાય અને બાકી રહેલા બીલો પર ચર્ચા થઈ શકે તે માટે વડાપ્રધાને વિરોધ પક્ષના નેતાઓ સુષ્મા સ્વરાજ, એલ.કે. અડવાણી અને જેટલીને ડિનર પર આમંત્ર્યા છે.

આજથી જિલ્લામાં સ્વચ્છતા અભિયાન

૧૫ દિવસના આ અભિયાનમાં તંત્રના અધિકારીઓ પદાધિકારીઓ અને ગ્રામ્ય આગેવાનો તથા બાળકોને પણ સાંકળી લેવાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં આજથી એક પખવાડિયા માટે સામુહિક સ્વચ્છતા અભિયાનનો પંચાયત તંત્ર દ્વારા પ્રારંભ થઈ રહ્યો છે.

સમગ્ર જિલ્લામાં આ સામુહિક સ્વચ્છતા અભિયાન સવારે ૮ વાગે શરૂ થશે અને સાંજના પાંચ વાગ્યા સુધી ચાલશે. રોજ એક સાથે ૪૦ થી વધુ ગામોને આ અભિયાનમાં આવરી લેવામાં આવશે.

જિલ્લા ગ્રામ્ય વિકાસ એજન્સી દ્વારા આ અભિયાનનું આયોજન કરાયું છે અને આ અભિયાન માટે જિલ્લા-તાલુકાના ૫૦૦ થી પણ વધુ કર્મચારીઓને વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે.

સામુહિક સ્વચ્છતા અભિયાનના આ નવતર અભિયાનમાં શાળાના બાળકોથી લઈ તંત્રના અધિકારીઓને જોતરવામાં આવ્યા છે. પ્રાર્થના બાદ આ અભિયાનનો આરંભ થશે એટલુ જ નહિ આ અભિયાન અંતર્ગત જુદી જુદી યોજનાઓને લઈ જન જાગૃતિ અભિયાન પણ યોજવામાં આવશે.

પંચાયતના પદાધિકારીઓને સાથે રાખી આ અભિયાન યોજાઈ રહ્યું છે. જેમાં વોર્ડની સફાઈ, મહોલ્લાની સફાઈ પાણીના શુધ્ધિકરણની કામગીરી સહિતની બાબતોને લઈ કામગીરી હાથ ધરવામાં આવશે.

આ અભિયાનને લઈ જિલ્લા કક્ષાએ પણ રોજેરોજ રિપોર્ટીંગ કરવામાં આવનાર છે. આ અભિયાન અંતર્ગત હાથ ધોવાની વૈજ્ઞાનિક પદ્ધતિ પણ બાળકોને શીખવવામાં આવશે તેમજ શરીરની સ્વચ્છતા સહિતના

● અનુસંધાન પાન-૭ પર

GUJARAT INSTITUTE OF SOLAR ENERGY
Affiliated to VTP, Ministry of Labour & Employment, Govt. of India
MES
પ્રવેશ - ૨૦૧૪ પ્રવેશની છેલ્લી તારીખ : ૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૪

ક્રમ	કોર્સનું નામ	મુદત	યોગ્યતા
૧.	બેટિક્સ ઓફ સોલર ઈલેક્ટ્રીકસીટી	૩ માસ	૧૦+૨, I.T.I. અથવા ડિપ્લોમાં પાસ
૨.	સોલર હોટ વોટર ટેન્ક ટેકનીશીયન	૩ માસ	
૩.	પેકર(ટોટલ સોલર વોટર હિટર સિસ્ટમ)	૩ માસ	
૪.	સોલર હિટર એન્ડ સોલર કૂકર સિસ્ટમ	૩ માસ	

કોર્સની ફી વિના મૂલ્ય : પ્રવેશ મેરીટ યાદીના આધારે રહેશે
Ph.: 079 27680122 M.: 98981 67732 / 98982 82183 www.gise.in

Urgently Requires
* EXPERIENCED WEB DEVELOPERS
(PHP, Magento, Worpress, Joomla)
* Business Development Executive & HR
Technomeet Solutions Pvt. Ltd.

મહાકાલી અશ્વ મેળો
તારીખ કાર્યક્રમ
૧૩ ફેબ્રુઆરી
૧૪ ફેબ્રુઆરી
૧૫ ફેબ્રુઆરી
૧૬ ફેબ્રુઆરી